# <u>વાલેદય્ન ની ઇઝ્ઝત</u>

**<u>પ્રસ્તાવના:-</u>**

વાલેદય્ન એ અલ્લાહની મહાન નેઅમતોમાંથી છે. વાલેદય્ન નો પોતાના બાળકો પ્રત્યેનો પ્રેમ એ શુદ્ધ,બેહદ અને કઈ પણ બદલા કે વળતર માગ્યા વગર નો પ્રેમ છે.આ જ કારણે ઈસ્લામે વાલેદય્ન ની ઇઝ્ઝત માટે એટલો બધો ભાર મુક્યો છે.અલ્લાહે પણ કુરઆન માં લોકોને પોતાની બંદગી પછી તેમના વાલેદય્ન પ્રત્યે દયાળુ અને ઉદાર રહેવાનો હુકમ આપ્યો છે.

*વ કઝા રબ્બોક ઇલ્લા તઅબોદો ઇલ્લા ઇય્યાહો વ બીલ્વાલેદયને એહ્સાના......*

"અને તમારા રબ નો એ હુકમ છે કે તમો તેના સિવાય કોઈની બંદગી ન કરો અને વાલેદય્ન સાથે નેકી કરો...."(૧૭:૨૩)

વાલેદય્ન એ બાળકોની પૈદાઇશ નો સબબ છે અને મૂળભૂત શિક્ષણ અને તાલીમ આપનાર છે.તેઓ તેમના બાળકનું પાલન પોષણ કરે છે અને તેમના બાળકની જીંદગી સુખદાયક બનાવવા દરેક પ્રકારની મુશ્કેલી ઉઠાવે છે.તેઓ તેમના બાળકોને શ્રેષ્ઠ સ્કુલમાં મોકલે છે,તેમના માટે મોંઘા રમકડા લાવે છે,તેઓની બધી ઈચ્છાઓ પૂરી કરે છે કે જેથી બાળકોને ખુશ રાખી શકે.તેઓનો કોઈ મકસદ હોતો નથી સિવાય કે તેમોના બાળકોને પોતાના જીવન માં સફળ બનાવે.તેથી જ અલ્લાહ કુરાન માં કહે છે,

*ઉશ્કુર લી વ લે વાલેદય્ક*

"મારો તથા તમારા વાલેદય્નનો શુક્ર કરો....."*(૩૧:૧૪)*

## <u>વાલેદય્નની ઇઝ્ઝત માટે હદીસો:-</u>

આપણા માટે જરૂરી છે કે વાલેદય્નની ઇઝ્ઝત કરીએ.ઇસ્લામ વાલેદય્નની ઇઝ્ઝત ને વાજિબ ગણે છે સિવાય કે તેઓના હુકમ અલ્લાહના હુકમ ની ખિલાફ હોય.

(૧) એક માણસ આવ્યો અને રસુલે ખુદા(સ.અ.વ.) ને પૂછ્યું,"એ કયું કામ છે જેને અલ્લાહ સૌથી વધારે પસંદ કરે છે?"રસુલેખુદા(સ.અ.વ.) એ કહ્યું,"નમાઝ તેના સમયે પઢવી(અવ્વલ સમયે)." તે શખ્સે પૂછ્યું,"તેના પછી?" રસુલેખુદા(સ.અ.વ.) એ કહ્યું,"પોતાના વાલેદય્ન સાથે નેકી કરવી." (મીઝાનુલ હિકમત,૧૦/૭૦૯)

(૨)એક બીજી હદીસમાં રસુલે ખુદા(સ.અ.વ) કહે છે કે,"જયારે કોઈ શખ્સ પોતાના વાલેદય્ન તરફ સ્નેહથી જુવે તો તેનું આ કામ ઈબાદત ગણાશે."(કશફુલ ગમ્મા,પા.૨૪૩)

આના કરતા વધારે સરળ એક પણ ઈબાદત હોય ન શકે.પોતાના વાલેદય્ન તરફ સ્નેહથી જોવું.અલ્લાહ આ કામ ને એટલું પસંદ કરે છે કે તેને ઈબાદત કીધી.તેનો મતલબ એ કે પોતાના વાલેદય્ન તરફ જોવાનો સવાબ મળે છે.

(નોટઃ-આ મુદ્દા ઉપર ક્લાસમાં ભાર મુકવો કારણકે આજના સમયમાં,યુવાનો વાલેદય્ન ના કહ્યા ઉપર ધ્યાન આપતા નથી.તેઓ ફક્ત પોતાનું માથું હલાવે છે.આ આદત કાઢવી જોઈએ.)

(૩)રસુલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે,"જન્નત ના બે દરવાજા એ શખ્સ માટે ખુલે છે જેના દિવસ ની શરૂઆત તેના વાલેદય્ન ની ખુશી સાથે થાય."(જામેઉસસાદાત/૨૫૯)

## માં નું ઇસ્લામ માં મહત્વઃ-

જોકે ઈસ્લામને આપણને વાલેદય્નની ઇઝ્ઝત કરવાનો હુકમ આપ્યો છે પરંતુ માં ના મહત્વ અને ઇઝ્ઝત માટે ખુબ જ ભાર મુક્યો છે.આ વાત નીચેની હદીસો પરથી સ્પષ્ટ થઇ જશે:

(૧) જન્નત માંના પગ નીચે છે.

(૨)એક શખ્સ રસુલેખુદા(સ.અ.વ.) પાસે આવ્યો અને કહ્યું,"એ અલ્લાહના રસુલ! મારી હિદાયત કરો કે હું કોની સાથે નેકી કરૂં તો મને નેકીનો પુરેપુરો સવાબ મળે?" રસુલેખુદા(સ.અ.વ) એ કહ્યું,"તારી માં સાથે નેકી કર." એ શખ્સે પૂછ્યું,"તેના પછી?" રસુલેખુદા(સ.અ.વ) એ કહ્યું,"તારી માં સાથે નેકી કર." એ શખ્સે પૂછ્યું,"તેના પછી?" રસુલેખુદા(સ.અ.વ) એ કહ્યું,"તારી માં સાથે નેકી કર." એ શખ્સે પૂછ્યું,"તેના પછી?" રસુલેખુદા(સ.અ.વ) એ કહ્યું,"તારા પિતા સાથે નેકી કર." (બેહાર,ભા.૭૪)

(૩)એક જવાન રસુલેખુદા(સ.અ.વ.) પાસે આવ્યો અને કહ્યું,"એ અલ્લાહના રસુલ! હું તંદુરસ્ત,તાકાતવર છું અને ઇસ્લામ માટે જેહાદ કરવા ઈચ્છું છુ.પરંતુ મારી માં એ નથી ચાહતી કે હું તેનાથી અલગ પડું અને જેહાદ માં ભાગ લઉં." રસુલેખુદા(સ.અ.વ.) એ ફરમાવ્યું," જા અને તારી માં સાથે રહે.હું તેની કસમ ખાવ છું કે જેણે મને રસુલ બનાવ્યો કે તારી માંની સેવામાં એક રાત કે જેમાં તને જોઇને તે ખુશ થાય તે એક વર્ષની જેહાદથી બેહતર છે."(અલ કાફી,ભા.૨)

એક સવાલ થાય કે, "શા માટે ઈસ્લામે બાપની સરખામણીમાં માંના હક્કો અને ઇઝ્ઝત માટે એટલો બધો ભાર મુક્યો છે?" આ સવાલ નો જવાબ ચોથા ઈમામ(અ.સ.) ની આ હદીસમાં છે,

(૪) ઈમામ સજ્જાદ(અ.સ.) ફરમાવે છે,"માનો એ હક છે કે તમે યાદ રાખો કે તેણે તમને સતત કેટલાય મહિના સુધી તેના ગર્ભમાં ઉપાડ્યા છે. અને તેને તેના હ્રદય ના ખોરાક વડે તમને પોષણ આપ્યું.તેને તેની તમામ હયાત તમારા રક્ષણ અને પોષણ માટે આપી દીધી.તેને એ વાતની પરવા ના કરી કે તે ભૂખી છે પરંતુ તે જોયું કે તમે સંતુષ્ટ થઇ ગયા.તે પ્યાસી રહી પણ તમારી તરસ બુજાવી.તેને સારા કપડા ના પહેર્યા પણ તમને સારા કપડા પહેરાવ્યા.તે તડકા

માં રહી પરંતુ તમને છાયામાં રાખ્યા.તેને તમારા ખાતર તેની ઊંઘ કુરબાન કરી દીધી.તેને તમને ઉનાળાની ગરમી થી બચાવ્યા અને શિયાળાની ઠંડીથી.તેને તે બધું કારણકે તમે તેના છો અને તે તમારી છે.તમારે એ જાણવું જોઈએ કે તમે તમારી માં નો શુક્ર કરી નથી શકતા સિવાય કે અલ્લાહ તમને તેમ કરવાની શક્તિ આપે."(બેહાર,ભા.૭૪/૦૬)

આ હદીસ પરથી આપણે એક માંનો પોતાને બાળક પ્રત્યે સમર્પણ અને નિષ્ઠા(અમુક હદ સુધી) જાણી શકીએ.

## માંની ખુશી ગુનાહો ની માફી નું કારણ છે:-

(૧) એક માણસ રસુલેખુદા(સ.અ.વ.) પાસે આવ્યો અને કહ્યું,"એ અલ્લાહના રસુલ! મેં મારી જીંદગીમાં અસંખ્ય ગુનાહો કર્યા છે.શું મારા માટે તૌબા નો દરવાજો ખુલો છે?અને શું અલ્લાહ મારી તૌબા કબુલ કરશે?

રસુલેખુદા(સ.અ.વ.) એ ફરમાવ્યું,"શું તારા વાલેદય્નમાંથી કોઈ એક જીવતા છે?" તે શખ્સે કીધું,"મારા પિતા જીવતા છે."રસુલેખુદા(સ.અ.વ) એ તેને તેના પિતા સાથે નેકી કરવા કહ્યું.તે શખ્સ ગયો પછી રસુલેખુદા(સ.અ.વ.) એ કહ્યું,"હું ચાહતો હતો કે તેની માં જીવતી હોત."(રસુલેખુદા(સ.અ.વ.) કહેવા માંગતા હતા કે જો માં જીવતી હોય તો ગુનાહ જલ્દી માફ થઇ જાય.)

(૨) રસુલેખુદાના સહાબીમાંથી એક બીમાર પડી ગયો.તેની સ્થિતિ નાજુક હતી અને તે મરણપથારીએ હતો.રસુલેખુદા(સ.અ.વ.) એ તેને કલમો પડવા કહ્યું પરંતુ તે શખ્સ તેમ કરતો નહોતો.તરતજ રસુલેખુદા(સ.અ.વ) એ તેની માં બાબતે પૂછ્યું કે તે જીવતી છે તો લોકોએ કહ્યું, "હા".રસુલેખુદા(સ.અ.વ.) એ તેની માં ને બોલાવવા કહ્યું.જયારે તેની માં આવી તો રસુલેખુદા(સ.અ.વ) એ તેને પૂછ્યું,"તું તારા દીકરાથી નારાઝ છો?" તેની માં એ કહ્યું,"હા.છ વર્ષથી હું તેની સાથે બોલતી નથી." રસુલેખુદા(સ.અ.વ.) એ કહ્યું,"હું તને સલાહ આપું છું કે તું તેની ભૂલોને નજરઅંદાજ કરીને તેને માફ કરી દે." તેની માં તેમ કરવા રાજી થઇ ગઈ.જેવી એની માં એ તેને માફ કર્યો કે તરતજ રસુલેખુદા(સ.અ.વ.) એ તેને કલમો પાડવા ફરી કહ્યું.આં વખતે તેણે તરતજ કલમો પડ્યો.(આમાલે તુસી,૧/૬૨)

આ બે વાકેઆ પરથી ફક્ત માં ની ફરમાબરદારી અને માયાળુ વર્તન ગુનાહોની માફીનું કારણ જ નથી પરંતુ સૌથી ઝડપી રસ્તો છે.

## વાલેદય્ન ની નારાજગી માટે હદીસો:-

અલ્લાહે વાલેદય્નના નાફરમાન માટે ઘણી જ પીડાદાયક સજા રાખી છે.જેવી રીતે અલ્લાહ વાલેદય્નના ફરમાબરદાર માટે ખુબજ કૃપાળુ છે તેમ જ તેઓની નાફરમાની માટેની સજામાં તેટલો જ સખ્ત છે.તેથી જેઓ પોતાના વાલેદય્ન તેરફ ફરજો અદા નથી કરતા અથવા તેમના ગુસ્સા નું કારણ બને છે તેઓ ખરેખર બદનસીબ છે.

આપણે બધા જન્નતમાં જવા ઈચ્છીએ છીએ.આપણે નેકી કરીએ છીએ અને હરામ થી દુર રહેવાની કોશિશ કરીએ છીએ.પરંતુ નીચેની હદીસો પરથી સાબિત થઇ જશે કે આપણા બધા નેક કાર્યો રદ થઇ જશે જો આપણે વાલેદય્નની નાફરમાની કરીશું:

(૧) હ.રસુલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે, "તમારા વાલેદય્નના નાફરમાન થવાથી અથવા તેમના ગુસ્સાની કારણ બનવાથી ડરો.ચોક્કસ,જન્નતની ખુશ્બુ ૫૦૦ વર્ષના અંતરેથી આવે છે પરંતુ તે તેના સુધી નહિ પહોચે જેનાથી તેના વાલેદય્ન નારાઝ હશે."(જામેઉસ્સાદાત,પા.૨૫૭)

(૨) હ.રસુલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે, "જહન્નમના બે દરવાજા એ શખ્સ માટે ખુલા છે જે પોતાના વાલેદય્ન ની નારાજગીનું કારણ બને છે." (જામેઉસ્સાદાત,પા.૨૬૦)

## વાલેદય્ન માટે દુઆ કરવી:-

પોતાની પૂરી જીંદગી દરમ્યાન આપણા વાલેદયને આપણી માટે દુઆ કરી અને આપણને ખુશ રાખવાના પ્રયત્ન કર્યા.તેથી આપણા માટે પણ જરૂરી છે કે આપણે તેમના માટે અલ્લાહ પાસે દુઆ કરીએ.જોકે આ દુઆ તેમની કુરબાની સામે કઈ નથી,પરંતુ આપણે તેમના માટે આપનો પ્રેમ બતાવવા પ્રયત્ન કરવો જોઈએ.નીચે કુરઆનની બે આયાતો આપેલી છે જેણે આપણે આપણી નમાઝના કુનુત માં પડી શકીએ છીએ.વધારે દુઆ અને આમાલ માટે મફાતીહુલ જિનાનમાં જોવું:

*રબ્બનગ્ફીરલી વલેવાલેદય્ય વ લીલ્મોઅમેનીન યવ્મ યકુમુલ હિસાબ*

"એ અમારા પરવરદિગાર! મને માફ કર અને મારા વાલેદય્નને અને મોમીનોને તે દિવસે કે જયારે હિસાબ થશે."(૧૪:૪૧)

*રબ્બીરહમ્હોમા કમા રબ્બયાની સગીરા*

"એ મારા પરવરદિગાર! તેઓના પર રહેમ કર(વાલેદય્ન) જેવી રીતે તેઓએ મને મોટો કર્યો જયારે હું નાનો હતો."(૧૭:૨૪)

## સારાંશ:-

ઉપરોક્ત હદીસો અને વાકેઆ ને ધ્યાન માં રાખી, બાળક માટે એ જરૂરી છે કે પોતાના વાલેદય્નની ઇઝ્ઝત કરે.વાલેદય્નની ઇઝ્ઝત કરવાનો ફાયદો અને અજ્ર તેને ફક્ત આ દુનિયામાં જ નહિ પરંતુ આ દુનિયા બાદ પણ તેના દરજ્જા બલંદ કરશે.

રેફરન્સ:-

(1)Islam-a code of social life;pg.34-37

(2)Lessons from islam;pg.40-53